**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૬૮ ટકા

# સે-૨૬ જીઆઈડીસીમાંથી ડુપ્લીકેટ કપડાનો જથ્થો જપ્ત

## બ્રાન્ડેડ કંપનીના લોગો લગાવેલ ૮૧ લાખથી વધુની કિંમતના ડુપ્લીકેટ કપડાનો જથ્થો જપ્ત : ગ્રાન્ડસ્ટેપ એન્ટરપ્રાઈઝમાં પોલીસનો દરોડો








ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ સ્થિત જીઆઈડીસી ખાતે આવેલી ફેકટરીમાંથી બ્રાન્ડેડ કંપનીના લોગો લગાવેલા રૂ.૮૧ લાખથી વધુ કિંમતના ડુપ્લીકેટ કપડાનો જથ્થો ઝડપાયો છે. કોપીરાઈટ અને ટ્રેડમાર્ક માટે કામ કરતી બ્રાન્ડેડ કંપનીના કર્મચારીઓએ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરને સાથે રાખીને સે-૨૬ જીઆઈડીસી ખાતે આવેલી ગ્રાન્ડસ્ટેપ ફેકટરીમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન કુલ કિ. ૯૧,૭૬,૩૮૦ની કિંમતનો મુદ્દામાલ પકડી પાડ્યો છે. પોલીસે ફેકટરી ચલાવતા યુવક સામે છેંતરપિંડી અને કોપીરાઈટ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે પ્લોટ નં.ઈ-૧૮૦ ખાતે ગ્રાન્ડસ્ટેપ એન્ટરપ્રાઈઝ નામની ફેકટરી ધમધમતી હતી. ગ્રાન્ડ સ્ટેપ ફેકટરીમાં અંડર આર્મર, નાઈક, પુમા, એસીકસ, એડીડાસ, કંપનીના લોગો સાથે ટ્રેક શોર્ટ, ટીશર્ટ તૈયાર કરવામાં આવતા હતા. જેની જાણ બ્રાન્ડેડ કંપનીઓના કોપીરાઈટ-ટ્રેડમાર્ક માટે કામ કરતી કંપનીના રીજનલ મેનેજર ભગવાનભાઈ સોનવણે (ઉં.વ.૫૯) સીઆઈડી ક્રાઈમની ઓફિસ ગાંધીનગર ખાતે અરજી કરી હતી. ત્યારબાદ શનિવારના રોજ રાત્રીના અઢી વાગે રેડ પાડી હતી. તેમા વિવિધ કંપનીના લોગો સાથેના કુલ રૂ. ૮૧,૭૫,૮૩૦ ની કિંમતના ટ્રેક, શોર્ટ અને ટીશર્ટ નો જથ્થો મળી આવ્યો હતો. આ સમયે ૬૨ સિલાઈ મશીનો કિં.રૂ. ૯.૩૦ લાખ, રૂ.૪૦ હજારના ૪ કટરના મશીન, ૨ ઈસ્ત્રી, અને રૂ.૫ હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૯૧,૭૬,૮૩૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બનાવ અંગે ભગવાનભાઈ સોનવણેએ સેકટર-૨૧ પોલીસ મથકે ફેકટરી માલિક રમણમલીક રણબીરસિંગ જાટ (ઉંવ.૩૦ રહે. કિર્તિધામ સોસાયટી વાવોલ) સામે ફરીયાદ નોંધાવી છે. પોલીસે યુવક સામે આઈપીસીની કલમ ૪૨૦ અને કોપીરાઈટ એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૬ જીઆઈડીસી ઈ.૧૮૦ ખાતે ત્રણ માળના મકાનમાં ૪૦ કર્મચારીઓ રાખીને કામ ધમધોકાર ચાલતુ હતું. સ્થળ પર પુછતાછ કરતા તે સાઈઝના લેબલ દિલ્હીથી ફોન પર અને કંપનીના ટેગ નવા નરોડા ખાતે રિધ્ધી ટ્રેડીંગ (એ-૪૦૨ દિવ્યજીવન સીટી) ખાતેથી મંગાવતો હતો. જયારે ફેકટરીમાંથી પકડાયેલ કપડાનો મોટો જથ્થો તપાસ માટે કબ્જે લેવામાં આવ્યો છે. ત્યારે ચાર કટર મશીન, ૬૨ સિલાઈ મશીન, એક સ્થળે થી બીજા સ્થળે લઈ જવાય તેવી પરિસ્થિતિમાં ન હોવાથી તે મુદ્દામાલ પોલીસે ત્યાં જ રાખી ગ્રાન્ડ સ્ટેપ એન્ટરપ્રાઈઝ ફેકટરીને સીલ મારી દેવામાં આવ્યું છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મરજાવા**
૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૫, ૪.૧૦, ૭.૦૫, ૧૦.૦૦
**મોતીચુર ચકનાચુર**
૧.૪૦, ૭.૨૦
**બાલા**
૧૦.૧૫, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**હાઉસફૂલ-૪**
૪.૨૫, ૧૦.૦૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મરજાવા**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**મોતીચુર ચકનાચુર**
૪,૨૫, ૧૦.૧૫
**મિસ્ટર કલાકાર (ગુજરાતી)**
૧૧.૩૫
**બાલા**
૯.૦૦, ૨.૧૦, ૪.૫૫, ૭.૪૦, ૧૦.૨૫
**હાઉસફૂલ-૪**
૧.૨૫, ૭.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૧૧.૫૫, ૨.૩૦, ૭.૫૫, ૧૦.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**મોતીચુર ચકનાચુર**
૩.૧૫, ૧૦.૦૦
**મીસ્ટર કલાકાર**
૫.૪૫
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૨.૩૦, ૯.૪૫, ૧૧.૪૫, ૬.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

# હવે શહેરમાં સમાવિષ્ટ ગામોને આકારણીપત્રક આપવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૧૬

પાટનગર સ્થિત શહેર અસરગ્રસ્ત મહામંડળ દ્વારા છેલ્લા દોઢ વર્ષથી મિલકત અંગેનું આકારણીપત્રક અસરગ્રસ્ત પરિવારોને ન અપાતા કલેકટરની રૂબરૂ મુલાકાત તથા લેખિત રજુઆત કરવામાં આવી હતી. જે સંદર્ભે હાલમાં જ જિલ્લા કલેકટર દ્વારા સાત ગ્રામ્ય વિસ્તારોમાં આકારણીપત્રક આપવાની સૂચના આપવામાં આવી છે તથા મકાન માલિક હોવાના પુરાવા રજૂ કરવા જણાવાયું છે.

ગાંધીનગર શહેર વિસ્તારના ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, ધોળાકુવા, ફતેપુરા, પાલજ અને બાસણ ગામ દ્વારા પોતાની જમીન પાટનગરની રચનામાં આપવામાં આવી હતી. આ ગામના રહેણાંક વિસ્તારમાં છેલ્લા દોઢ વર્ષથી મિલકતનું આકારણીપત્રક ન આપવા આદેશ કરવામાં આવ્યો હતો. જેને લીધે આ દરેક ગામોના મકાન માલિકોને બેંકમાંથી લોન મેળવવા, કોર્ટ કામ, વારસાઈ નામ કે મકાનની વહેચણી જેવી બાબતોના કામ માટે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ ઉપરાંત હાલમાં જ ગામોમાં સીટી સર્વેની કામગીરી અંતર્ગત પુરાવા રજૂ કરવાના ભાગરૂપે આકારણીપત્રક રજુ કરવાનું આવે છે પરંતુ તે આપવામાં આવી રહ્યું નથી જેથી ગાંધીનગર શહેર અસરગ્રસ્ત મહામંડળના પ્રમુખ ભરતસિંહ બિહોલા અને અન્ય આગેવાનોએ અવારનવાર જિલ્લા કલેકટરની રૂબરૂ મુલાકાત લીધી હતી તથા લેખિત રજૂઆત કરી હતી જેને કલેકટર કુલદીપ આર્યદ્વારા ગ્રાહ્ય રાખી ગ્રામજનોની મુશ્કેલી દૂર કરવા સંબંધિત અધિકારીઓને બોલાવી તા. ૪ નવેમ્બરના રોજ ગ્રામ્ય વિસ્તારના મકાનમાલિકોને આકારણીપત્રક આપવા માટે તાકીદ કરવામાં આવી હતી. જે સંદર્ભે હવે સાતેય ગામોના ગામતળ વિસ્તારમાં આવતી જમીનમાં પ્લોટ, મકાન ધરાવનાર અસરગ્રસ્ત ખેડૂતો કલેકટર કચેરીમાં નિયમ મુજબ અરજી કરીને આકારણીપત્ર મેળવી શકશે.





પાણી આપણા શરીર તેમજ જીવન જરૂરિયાત માટે અતિ મહત્વનું છે. તેના વગર જીવન અશકય છે. વરસાદી સિઝનમાં પણ ઘણું પાણી એમને એમ વહી જાય છે. ભૂગર્ભ જળના સ્તર પણ નીચા જઈ રહ્યા છે. શહેરમાં આજકાલ પાણી એમને એમ વહી જવાના તથા વેડફાઈ જવાના સમાચાર ઘમા પ્રકાશમાં આવી રહ્યા છે ત્યારે ગ-૨ સર્કલ પાસે પાણીની ટાંકી તુટી ગઈ છે. પાણી છેક રસ્તા પર વહી રહ્યું છે. કિંમતી પાણી વેડફાઈ રહ્યું છે અને વાહનચાલકોને પણ તકલીફ પડી રહી છે. તો સત્તાવાહકો શહેરમાં પાણી લીકેજની કે પાણી એમને એમ વહી જવાની જેટલી પણ સમસ્યાઓ હોય તે ધ્યાન પર લઈ તેનું નિરાકરણ લાવે તેવી શહેરીજનોની લાગણી છે.

## આજે શ્રધ્ધેય દત્તોપંત ઠેંગડીજી જન્મ શતાબ્દી વર્ષ ઉદઘાટન સમારોહ યોજાશે

રાષ્ટ્રવાદી સંગઠનોના સ્થાપક પ્રણેતા અને તત્ત્વચિંતક એવા મહામનિષી પરમ શ્રધ્ધેય દત્તોપંત ઠેંગડીજીનો જન્મદિવસ શહેરની ભારતીય કિસાન સંઘ સંસ્થા દ્વારા યોજાશે. આ કાર્યક્રમનું આયોજન સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે બપોરે ૧.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે શ્રધ્ધેય દત્તોપંત ઠેંગડીજીના જન્મ શતાબ્દી વર્ષનો પ્રારંભ ૧૦ નવેમ્બરથી દેશભરમાં થઈ ચુકયો છે.

ગુજરાતમાં પણ શ્રધ્ધેય દત્તોપંત ઠેંગડીજી દ્વારા ભારતીય કિસાનસંઘ, ભારતીય મજદુર સંઘ, સ્વદેશી જાગરણ મંચ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની સ્થાપના કરવામાં આવી છે અને આ સંસ્થાઓ દ્વારા એક સંચાલન સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિ દ્વારા શતાબ્દી વર્ષ નિમિત્તે આજે કાર્યક્રમ યોજાશે. જેમાં અધ્યક્ષતાને રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્ય વકતા તરીકે મા. સંઘ ચાલકજી પશ્ચિમ ક્ષેત્ર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ડૉ. જયંતિભાઈ ભાડેસીયા ઉપસ્થિત રહેશે. સંસ્થાના અધ્યક્ષ પ્રવીણ કે. લહેરી દ્વારા શહેરીજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## આજે ગાંધીનગરમાં

● સંસ્કાર ગૃપ દ્વારા બાળદિનની ઉજવણી નિમિત્તે સવારે ૮.૫૦ થી ૧૦.૦૦ દરમિયાન સે-૭ બગીચા ખાતે ચિત્ર સ્પર્ધા, બાળકોની સાહસિકતા પર વાર્તા તથા વેશભૂષા યોજાશે.

● સે-૪ ખાતે ચાલી રહેલ ભાગવત કથામાં જય બુટ ભવાની આનંદ ગરબા મંડળના દર્શનાબેન ઉપાધ્યાય અને તમામ બહેનો દ્વારા રૂક્ષ્મણી-કૃષ્ણ વિવાહની ઉજવણી કરાશે.



સ્વચ્છતા અભિયાનના લીલેલીરા ઉડે તેવી આ તસ્વીર છે. સ્વચ્છતા અને સફાઈ માટે અનેક યોજનાઓ બનાવાઈ છે અને લાખો-કરોડોનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ આ સમસ્યાનો ઉકેલ આવતો નથી.સેકટર-૨૪ ડબલડેકરના મકાનોની પાસે આવેલી કચરાપેટીમાંથી કચરો ચારેબાજુ ઉભરાઈ રહ્યો છે. ગાય અને કૂતરા કચરાને વધુ ફેલાવી રહ્યા છે. આ તસ્વીર જોઈ તંત્રની આંખ ખૂલે તે જરુરી છે.

## શહેરમાં વિના મૂલ્યે વિન્ટર કેમ્પ

ગાંધીનગર, તા.૧૬

શહેરની સમર્પણ સ્પોર્ટસ એકેડેમી દ્વારા તા. ૧૫ થી ૨૨ નવેમ્બર દરમિયાન સાંજે ૫ થી ૭ દરમિયાન વિન્ટર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સેલ્ફ ડિફેન્સ સ્કેટીંગ, ફૂટબોલ, વોલીબોલ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, હોકી જેવી દસથી વધુ રમતો વિના મૂલ્યે શીખવવામાં આવશે. આ કેમ્પ સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ ખ-૭ સમર્પણ સર્કલ ગાંધીનગર ખાતે યોજાનાર છે. વધુ માહિતી માટે જયદીપસિંહ વાઘેલા ૯૪૨૯૮ ૨૬૫૧૯નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.



રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવણીના ભાગરૂપે રાજય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર ખાતે ૧૬મી નવેમ્બરના રોજ વેષભુષા હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## આર્ટ ઓફ લિવિંગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૬

પ.પૂ. રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વરા ૧૮ વર્ષથી મોટી ઉંમરના શહેરીજનો માટે ૨૦ થી ૨૩ નવેમ્બર દરમિયાન શિબિર યોજાશે. આ શિબિર સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ દરમિયાન આઠમો માળ, મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ સે-૧૧ ખાતે યોજાશે. આ શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, શ્વાસોશ્વાસની ક્રિયાઓ જેવા પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ શિબિરમાં ભાગ લેવા ૧૯ નવેમ્બરના રોજ સાંજે ૭ થી ૮ દરમિયાન રજીસ્ટ્રેશન કરાવવા તથા વધુ માહિતી માટે સુરેશભાઈ પરમાર મો. ૯૪૨૬૩ ૦૦૩૦૩નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.



શહેરની અગ્રેસર સામાજીક સંસ્થા જૈન સોશયલ ગૃપ ગાંધીનગર દ્વારા તેમના ગૃપના સભ્યો માટે તારીખ ૧ ૩થી ૨૦ નવેમ્બર સુધી દુબઈ વિદેશ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિદેશ પ્રવાસમાં ગૃપનાં ૪૪ સભ્યો જોડાયા છે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ થી ૧૩ નવેમ્બરના રોજ આ ગૃપના પ્રેસીડેન્ટ મધુસુદન વોરા, ઉપપ્રમુખ કૌશિકભાઈ શાહ અને ભરતભાઈ કોટડીયા-સેક્રેટરી દ્વારા ટુરનાં આયોજક વિરલભાઈ ભખડા પોપ્યુલર ટુર્સ એન્ડ ટ્રાવેલસ રાજકોટ તેમજ ટુરના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# પાલજ ગામે પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો





ચિલોડા, તા.૧૬

ગાંધીનગર તાલુકાના પાલજ ગામે પ્રાથમિક શાળા ખાતે પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રેશનીંગ કાર્ડ, આધારકાર્ડ, મા અમૃતમ વાત્સલ્ય યોજના કાર્ડ, મેડિકલ ઓફિસર દ્વારા જન્મ-દાખલા ડાયાબિટીસ નિદાન, વિધવા સહાય અરજીપત્રક, આવકના દાખલા, ટપાલસેવા, વનવિભાગ, સમાજ સુરક્ષા વગેરે સેવાનો લાભ ચિલોડા, પાલજ, લેકાવાડા, શિહોલી મોટીના લાભાર્થીઓએ ઉત્સાહપૂર્વક લીધો હતો. જેમાં સમાવિષ્ટ ગામોના સરપંચો તથા તલાટીઓ વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ખાસ નાના બાળકોના આધારકાર્ડનો લાભ લેવા મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી. આ ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા પશુઓની સારવારનો કેમ્પ યોજવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

● સ્વ. ખડીયા મધુબેન ગંભીરસંગ, ઉ.વ. ૬૦
● સ્વ. મહેતા દેવેન્દ્ર દશરથભાઈ, ઉ.વ. ૬૨
● સ્વ. વ્યાસ કમળાબેન શાંતિલાલ, ઉ.વ. ૯૩
● સ્વ. સોલંકી મહેન્દ્રસિંહ પરબતસિંહ, ઉ.વ. ૩૦





સેક્ટર-૨૫, સૂર્યનારાયણ સોસાયટીના જાહેર સરકારી બગીચાની કોઈ સારસંભાળ લેતું નથી, કોઈ માળી પણ નથી. હાલત એ છે કે બગીચાના દરવાજા તૂટેલા અને ખુલ્લા હોઈ, દિવસભર રખડતી ગાયો-આખલાઓનો તે અડ્ડો બની ગયેલ છે તેથી બાળકો-ભૂલકાંઓ બગીચામાં રમવા જઈ શકતા નથી તો આ બાબતે ઝડપથી નિરાકરણ લાવવા વસાહતીઓએ વિનંતી કરેલ છે.



શહેરમાં સે-૪ ખાતે ચાલી રહેલ ભાગવત કથામા ભવ્ય કૃષ્ણ જન્મોત્સવ યોજાયો હતો જેમાં નગરના ભક્તોએ મોટી સંખ્યામા કથાનો લાભ લીધો હતો.